# પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

**રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફીસ, નાના મવા રોડ, રાજકોટ-૩૬૦૦૦૪**

ફોન નં.૦૨૮૧-૨૩૮૦૪૨૫-૨૭ ફેક્ષ નં. ૦૨૮૧-૨૩૮૦૪૨૮


| નં.પીજીવીસીએલ/સ્કિમ/તત્કાલ-૨૦૧૦/ડ્રીપ/૨૮૯૮ | તા.૨૯-૦૪-૨૦૧૧ |
|---|---|

**પ્રતિશ્રી,**
**શ્રી અધિક્ષક ઈજનેર (સ.નિ.),**
**પીજીવીસીએલ, વર્તુળ કચેરી,**
**રાજકોટ (શહેર)/ રાજકોટ (ગ્રામ્ય)/ મોરબી/ પોરબંદર/ જૂનાગઢ/ જામનગર/ ભુજ/ સુ.નગર/ ભાવનગર/ બોટાદ/ અમરેલી.**

વિષય: તત્કાલ-૨૦૧૦ માં અરજી કરેલ હોય અને ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ વસાવી ઓવર રાઈડીંગ પ્રાયોરીટીનો લાભ લેવા માંગતા હોય તેવા અરજદારો તરફથી અરજી મંગાવવા બાબત.

અનુ: ૧. જીયુવીએનએલ/ટેક/એચ.એમ.એસ./૯૭૯ તા. ૨૭-૪-૨૦૧૧. (વધારાની માર્ગદર્શિકા)
૨. જીયુવીએનએલ/ટેક/તત્કાલ-૨૦૧૦/૯૫૭ તા. ૨૧-૦૪-૨૦૧૧.
૩. જીયુવીએનએલ/ટેક/તત્કાલ/એચ.એમ.એસ./૪૨ તા. ૭-૧-૨૦૧૧.

ઉપરોક્ત વિષયનાં અનુંસંધાને જણાવવાનું કે જીયુવીએનએલ દ્વારા ડ્રીપ અપનાવવા માંગતાં ખેડૂતો માટે તત્કાલ-૨૦૧૦ યોજનામાં જ અગ્રતાનાં ધોરણે ખેતીવાડી વીજ જોડાણ આપવા માટે યોજના અમલ માં મૂકવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

૧. **જે અરજદારોએ તત્કાલ-૨૦૧૦ માં અરજી કરેલ હોય અને ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ વસાવી અગ્રતાના ધોરણે વીજ કનેકશન મેળવવા માંગતા હોય તેવા અરજદારોએ "તા.૦૧.૦૫.૨૦૧૧ થી ૩૧.૦૫.૨૦૧૧ સુધીમાં" તેમને લાગુ પડતી પીજીવીસીએલની પેટા વિભાગીય કચેરીમાં નિયત કરેલ પત્રકમાં અરજી કરવાની રહેશે** તથા તેની સાથે ગુજરાત ગ્રીન રીવોલ્યુશનરી કંપની (જી.જી.આર.સી) માં રજીસ્ટ્રેશન કરાવવા માટે નુ ફોર્મ પેટા વિભાગીય કચેરી માથી મેળવી યોગ્ય રીતે ભરી જોડવાનુ રહેશે.
૨. **જે અરજદારોએ જી.જી.આર.સી. પાસે તા.૩૧.૦૩.૨૦૧૧ પહેલા સામાન્ય યોજના હેઠળ ઓવર રાઇડીંગ પ્રાયોરીટી માટે ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ વસાવવા માટે અરજી અગાઉ રજીસ્ટર્ડ કરાવેલ હોય અને તેમનુ કોઇપણ કારણોસર ફાર પાર્ટી એગ્રીમેન્ટ થયેલ ન હોય અને તત્કાલ-૨૦૧૦ માં અરજી કરેલ ન હોય તેવા અરજદારો પણ (ડાર્ક ઝોન વિસ્તાર સિવાયનાં) આ સ્કીમમાં ભાગ લઇ શકશે.** જે માટે આ સાથે બિડાણ પત્રકમાં અરજી કરવાની રહેશે. તેની સાથે રૂા. ૫૦૦/- રજીસ્ટ્રેશન પેટે ભરવાનાં રહેશે. સદર અરજી પી.જી.વી.સી.એલ. નાં પ્રવર્તમાન નિયમ મુજબ જ મંજૂરીને પાત્ર ગણાશે. આ અરજી પણ ફક્ત **૦૧.૦૫.૨૦૧૧ થી ૩૧.૦૫.૨૦૧૧** સુધી જ સ્વીકારવામાં આવશે.
૩. જે અરજદારો ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ મંજૂર કરાવશે તેઓને તત્કાલમાં તાંત્રિક મંજૂરીના ૮૦% રકમને બદલે ૫૦% રકમ અંદાજપત્રામાં ભરવાની રહેશે બાકીના અન્ય ચાર્જ તત્કાલ-૨૦૧૦ની યોજનામાં નક્કી થયા મુજબ ભરવાના રહેશે.
૪. **તત્કાલ-૨૦૧૦ (ડ્રીપ) સ્કિમમાં ફક્ત ડ્રીપ પ્રકારની ઇરીગેશન સીસ્ટમ જ માન્ય ગણાશે. અન્ય કોઇપણ પ્રકારની ઇરીગેશન પદ્ધતિ ઓવર રાઇડીંગ પ્રાયોરીટી માટે માન્ય ગણાશે નહિ.**

૫. જે અરજદારો આ સ્કીમનો લાભ લેવા માંગે છે તેઓ દ્વારા ડ્રીપ ઇરીગેશન સીસ્ટમને ઓછામાં ઓછી ૭ વર્ષ સુધી જાળવવાની રહેશે. આ સમય દરમિયાન સ્થળ પર ઇન્સટોલેશન ચેક કરતા જો ડ્રીપ ઇરીગેશન સીસ્ટમની જાળવણી ન કરતા હોવાનું માલુમ પડશે તો તેઓનું કનેકશન તુરંત જ કપાત કરવામાં આવશે અને તેઓને કોઇપણ પ્રકારની અંદાજપત્રની ભરેલી રકમ પરત કરવામાં આવશે નહિં.

૬. જે અરજદારો દ્વારા ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ વસાવવા માટે જી.જી.આર.સી. દ્વારા ફોર પાર્ટી એગ્રીમેન્ટ કરાયાની જાણ પીજીવીસીએલ ઓફિસને કરશે ત્યાર બાદ જ અરજદારને પેટા વિભાગીય કચેરી દ્વારા અંદાજપત્ર આપવામાં આવશે..

૭. જી.જી.આર.સી. દ્વારા અરજદાર તરફથી તેમના ખેતરમાં સ્પેસીફીકેશન મુજબ ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ લગાવાયેલ હોય અને અરજદાર તરફથી તમામ કાર્યવાહી પૂર્ણ કરેલ હોય તેનુ પ્રમાણપત્ર મળ્યે જ ખેતીવાડી વીજ કનેકશન રીલીઝ કરવાને પાત્ર થશે.

૮. સદર સ્કીમ હેઠળ અરજદારે પોતાની જગ્યામાં ૨ હેકટર અથવા કુલ જગ્યાનાં ૫૦% જગ્યામાં જે વધુ હોય તે પ્રમાણે ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ વસાવવાની રહેશે. તેમજ ૨ હેકટરથી ઓછી જગ્યા ધરાવતા અરજદારે ૧૦૦% જગ્યામાં ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ વસાવવાની રહેશે.

૯. સદર સ્કીમમાં લાભ લેવા માંગતા ખેડૂતો ને તત્કાલ-૨૦૧૦ ની શરતો બંધનકર્તા રહેશે.

૧૦. આ સાથે ઉપર મુજબ નાં પત્ર નં.૧ અને ૨ બીડાણમાં સામેલ છે.

મુખ્ય ઇજનેર (પ્રોજેકટ)
પીજીવીસીએલ-રાજકોટ.

બીડાણઃ ઉપર મુજબ

સવિનય નકલ રવાના
૧. માનનીય એમ.ડી.શ્રી, પીજીવીસીએલ, રાજકોટ.
૨. જે.એમ.ડી.શ્રી, પીજીવીસીએલ, રાજકોટ.
૩. મુખ્ય ઇજનેરશ્રી, જીયુવીએનએલ, વડોદરા.

નકલ રવાનાઃ
૧. મુખ્ય ઇજનેરશ્રી, ભાવનગર.
૨. જનરલ મેનેજરશ્રી (એફ. અને એ.), પીજીવીસીએલ, રાજકોટ.
૩. નાયબ ઇજનેરશ્રી, ઇ-ઉર્જા, પીજીવીસીએલ, રાજકોટ.

અરજદારનુ નામઃ

સરનામુઃ

ગામઃ
તાલુકોઃ
ફોન. નં.
તા.

પ્રતિ,
નાયબ ઇજનેરશ્રી,
પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી

---

વિષયઃ તત્કાલ-૨૦૧૦ સ્કીમમાં ઓપ્શન સ્વીકારવા બાબત

ઉપરોકત વિષયનાં અનુસંધાને જણાવવાનુ કે મે તત્કાલ સ્કીમ-૨૦૧૦ માં સામાન્ય કેટેગરીની અરજી સ્વીચ ઓવરમાં રૂા. ૫૦૦/- રસીદ નં. થી તા. નાં રોજ ભરી અરજી કરેલ છે. જેની નાણા ભર્યાની રસીદની નકલ આ સાથે સામેલ છે.

સદર કનેકશન વાળી જગ્યામાં હું ડ્રીપ ઇરીગેશન વસાવવા માટે મારો વિકલ્પ રજૂ કરૂ છું જેના માટે હું આ સ્કીમની લગુ પડતી તમામ શરતો અને નીતિ-નિયમોનું પાલન કરવા માટે હું સહમત છું. આથી હું ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીમાં મારૂ નામ નોંધણી કરવા માટે નું અરજી ફોર્મ ભરી આ સાથે જરૂરી કાર્યવાહી માટે રજૂ કરૂં છું.

તો આપને વિનંતિ કે મને જરૂરી અંદાજપત્ર પાઠવશો.

અરજદારની સહી

(અરજદારનુ નામ)

બિડાણઃ
૧. તત્કાલ સ્કીમ-૨૦૧૦ માં નાણા ભર્યા ની રસીદ.
૨. જી.જી.આર.સી. માટે નું અરજી ફોર્મ.

(જે લોકોએ તત્કાલ-૨૦૧૦ માં અરજી કરેલ ન હોય પરંતુ જી.જી.આર.સી કચેરીમાં તા.૩૧.૦૩.૨૦૧૧ પહેલા નોર્મલ સ્કીમમાં તેઓની અરજી ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ વસાવવા માટે રજીસ્ટર્ડ કરાયેલ હોય.)

અરજદારનુ નામ:
સરનામુ:

ગામ:
તાલુકો:
ફોન. નં.
તા.

પ્રતિ,
નાયબ ઇજનેરશ્રી,
પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી
__________________________________

વિષય: ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ વસાવવા માટે તેમજ ઓવર રાઇડીંગ પ્રાયોરીટી મંજૂર કરવા બાબત

ઉપરોક્ત વિષયનાં અનુસંધાને જણાવવાનુ કે અમોએ તત્કાલ-૨૦૧૦ ની સ્વીચ ઓવર સ્કીમમાં અરજી કરેલ નથી. પરંતુ અમોએ નોર્મલ સ્કીમ હેઠળ પ્રાયોરીટીમાં કનેકશન મેળવવા માટે જી.જી.આર.સી.માં તા.૩૧.૦૩.૨૦૧૧ પહેલાં અરજી રજીસ્ટર્ડ કરાવેલ છે અને સદર અરજી જી.જી.આર.સી. કચેરીમાં પેન્ડિંગ છે. તત્કાલ-૨૦૧૦ ની સ્કીમમાં ઓવરરાઇડીંગ પ્રાયોરીટી માટે જે સ્કીમ મૂકાયેલ છે તેમાં હું લાભ લેવા માંગુ છું. જેના માટે આ સ્કીમની લાગુ પડતી તમામ શરતો અને નીતિ-નિયમોનું પાલન કરવા માટે હું સહમત છું.

આ સાથે નોર્મલ સ્કીમમાં નવા ખેતીવાડી વીજ જોડાણ લેવા માટે તા. ના રોજ રૂા. રસીદ નં. થી ભરેલ છે જેની નાણા ભર્યાની રસીદની નકલ તેમજ જી.જી.આર.સી. માં રજીસ્ટર્ડ થયાનાં પત્રની નકલ આ સાથે રજૂ કરું છું.

તો આપને મારી અરજી ઓવર રાઇડીંગ પ્રાયોરીટીમાં મંજૂર કરવા વિનંતિ.

અરજદારની સહી

(અરજદારનુ નામ)

બિડાણ:
૧. નોર્મલ સ્કિમમાં નાણા ભર્યા ની રસીદ.
૨. જી.જી.આર.સી. માં રજીસ્ટર્ડ થયેલ પત્રની નકલ.